ક્રમાંકઃ- રોતાનિ/એટીએસ/છ-૨/૨૦૧૮/ ૫૯૩
રોજગાર અને તાલીમ નિયામકની કચેરી,
બ્લોક નં. ૧, ત્રીજો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
તા.૨૯/03/૨૦૧૮

પ્રતિ,
નાયબ નિયામકશ્રી (તાલીમ)
પ્રાદેશિક કચેરી
અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ

વિષય : "એપ્રેન્ટીસ ભરતીમેળા" તા.૦૧-૦૪-૨૦૧૮ થી તા.૧૫-૦૪-૨૦૧૮

સંદર્ભ: (૧) અત્રેની કચેરીના તા.૨૬-૦૩-૨૦૧૮ના પરિપત્ર ક્રમાંક:રોતાનિ/એટીએસ/છ/૨૦૧૮/૫૯૦

(૨) અત્રેની કચેરીનો તા.૨૭-૦૩-૨૦૧૮નો E-mail

શ્રીમાન,

ઉપરોકત વિષયના અનુસંધાનમાં જણાવવાનુ કે સંદર્ભ (૧) હેઠળના પરિપત્રથી તમામ સરકારી ઔ.તા.સંસ્થા ખાતે "એપ્રેન્ટીસ ભરતીમેળા"નુ આયોજન કરવા તેમજ કરવાપાત્ર કામગીરીની સુચના/માર્ગદર્શન આપવામાં આવેલ છે. સંદર્ભ (૨) હેઠળના E-mail થી આપને ભરતીમેળામાં હાજર રહેલ ઉમેદવારોને એપ્રેન્ટીસશીપ તાલીમ યોજનાથી માહિતગાર/વાકેફ થાય તે માટેનુ માહિતી પત્ર તમામ સંબધિતોને તેમજ રોજગાર કચેરીઓને મોકલી આપી ભરતીમેળાના દિવસે તેની પ્રિન્ટ આઉટનુ વિતરણ કરવા જણાવેલ છે.

ઉપરોકત વિગતોના અનુસંધાને,

(૧) તમામ સરકારી ઔ.તા.સંસ્થામાં તા.૦૧-૦૪-૨૦૧૮ થી તા.૧૦-૦૪-૨૦૧૫ સુધી "એપ્રેન્ટીસ ભરતીમેળા" નુ આયોજન કરવા જણાવવામાં આવેલ છે. જેના બદલે સદર ભરતીમેળા તા.૦૧-૦૪-૨૦૧૮ થી તા.૧૫-૦૪-૨૦૧૮ સુધી આયોજીત કરવા જણાવવામાં આવે છે. જે બાબતની જાણ તમામ સંબધિતો અને રોજગાર કચેરીઓને આપશ્રીની કક્ષાએથી કરવા વિનંતી સહ જણાવવામાં આવે છે.

(૨) સંદર્ભ (૨) હેઠળથી મોકલવામાં આવેલ માહિતી પત્રમાં ભરતીમેળાની તારીખ ૦૧-૦૪-૨૦૧૮ થી તા.૧૫-૦૪-૨૦૧૮ની કરી તેની પ્રિન્ટ આઉટનુ વિતરણ કરવાનુ રહેશે.

(૩) આપના વિભાગની સરકારી ઔ.તા.સંસ્થામાં આયોજીત થનાર "એપ્રેન્ટીસ ભરતીમેળા" નુ આયોજન અત્રેની કચેરીને મોકલી આપવા વિનંતી સહ જણાવવામાં આવે છે.

(૪) અત્રેની કચેરી દ્વારા "એપ્રેન્ટીસ ભરતીમેળા" ની જાહેરાત તા.૩૧-૦૩-૨૦૧૮ના વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થાય તે પ્રમાણે આપવામાં આવી રહેલ છે. જેનાથી તમામ સંબધિતોને વાકેફ કરવા જણાવવામાં આવે છે. (જાહેરાતનો નમુનો આ સાથે સામેલ છે.)

(૫) "મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના" ના તમામ સહયોગી/લાભાર્થીઓને જરૂરી માર્ગદર્શન મળી રહે તે હેતુસર ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૫૮-૫૫૮૮ સાથેના કોલ સેન્ટરની સર્વિસ ચાલુ થનાર છે. જેનાથી તમામ સંબધિતોને વાકેફ કરવા જણાવવામાં આવે છે.

નાયબ નિયામક (તાલીમ)
રોજગાર અને તાલીમ
ગાંધીનગર